અપીલ અરજી નં.૧૭૪ તા.૫–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કે એમ. શેખ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે એમ. શેખની તા.૭–૭–૦૯ ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકાના તબીબી કર્મચારીના રાજીનામાંના કિસ્સામાં ૩ મહિનાની નોટીસ આપવાની કે ૩ મહિનાનો પગાર જમા લઈ છુટા કરવામાં આવે છે જયારે રાજય સરકારના કિસ્સામાં આ ધોરણ એક વર્ષની ઉપરના કિસ્સામાં એક માસનું કરવામાં આવેલ છે. એસ. એમ.સી. ના કિસ્સામાં આ ધોરણ શા માટે અપનાવવામાં આવેલ નથી? વિગેરે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૫–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૪/૨૦૦૯–૧૦

શ્રી કે એમ. શેખની તા.૭–૭–૦૯ ની અરજીથી (૧)સુરત મહાનગરપાલિકાના તબીબી કર્મચારીના રાજીનામાંના કિસ્સામાં ૩ મહિનાની નોટીસ આપવાની કે ૩ મહિનાનો પગાર જમા લઈ છુટા કરવામાં આવે છે જયારે રાજય સરકારના કિસ્સામાં આ ધોરણ એક વર્ષની ઉપરના કિસ્સામાં એક માસનું કરવામાં આવેલ છે. એસ. એમ.સી. ના કિસ્સામાં આ ધોરણ શા માટે અપનાવવામાં આવેલ નથી? વિગેરે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૬૪ તા.૭–૮–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૪ તા.૧૧–૯–૦૯ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૧૮૫૭ તા.૧૬–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અઠવાઝોનનો તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના સુધારેલા ઠરાવની તા.૨૧–૧૨–૦૪ ની નકલ, નિવૃત પહેલાની નોટીસ મ્યુ. રુલ્સ ૨૦૨ ની નકલ, નમુના 'ઘ' આપેલ માહિતી નં.જીએડી/ઈએસટી/૧૩૬૪ તા.૭–૮–૦૯ નો પત્રની નકલની પૂરક વિગતો અત્રેના વિભાગને પૂરી પાડેલ છે.

અરજદારની તા.૭–૭–૦૯ ની અરજી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૨૬૨ તા.૧૩–૯–૦૯ થી ડે.કમિશ્નર(૫અનેઈ) ને અઠવાઝોન તરફથી તબદીલ કરવામાં આવેલ અરજીથી (૧)સુરત મહાનગરપાલિકાના તબીબી કર્મચારીના રાજીનામાંના કિસ્સામાં ૩ મહિનાની નોટીસ આપવાના કે ૩ મહિનાનો પગાર જમા તરીકે લઈ છુટા કરવામાં આવે છે.મુદ્દા નં.૨ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજય નં.આરએસએન/૧૦૯૪/૨૭૦૧/ટી/ તા.૨૧–૧૨–૦૪ સુધારા ઠરાવથી સરકારે ગુજરાત સર્વીસ રુલ્સ ૨૦૦૨ અને જનરલ કન્ડીશન સર્વીસ ૨૦૦૨ રુલ્સ નં.૩૬ સરકારના નિયમો અપનાવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૩ સરકારશ્રીએ હંગામી/કાયમી તમામ તબીબીઓના રાજીનામાં અંગે ૧ વર્ષથી વધુ નોકરી હોય તો ૧ માસની નોટીસ/નોટીસ પે અને ૧ વર્ષથી ઓછી નોકરી હોય તો તેઓ માટે માત્ર ૭ દિવસની નોટીસ/નોટીસ પે મુજબનો સુધારો કરેલ છે. મુદ્દા નં.૪ મુદ્દા નં.૩ બાબતેના નિયમનો સરકારી આરોગ્ય અને એજયુકેશન સર્વીસ ૨૦૦૪ થી અમલ થયેલ છે. મુદ્દા નં.૫ રાજય સરકારના કર્મચારીઓને મળતો લાભ સુરત મહાનગરપાલિકાએ તે નિયમોનો સ્વીકાર તેમજ અમલીકરણ તે તારીખથી કેમ કરેલ નથી? મુદ્દા નં.૬ સુરત મહાનગરપાલિકા કેટલા દિવસમાં આગળના નિયમો રદ કરી તેનો અમલ કરશે. મુદ્દા નં.૭ ૧૫ દિવસની મુદતમાં જવાબ મળે તેવી માંગણી મુળ અરજીમાં કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને " સુરત મહાનગરપાલિકા એક સ્વાયત સંસ્થા છે અને તેમણે મ્યુ.રુલ્સ નકકી કરેલ છે જેમાં રાજીનામું મુકનાર કર્મચારી માટે ૧ માસ/૩ માસની નોટીસ/નોટીસ પે વસુલવાનું નકકી કરેલ છે. તેનો અમલ સુરત મહાનગરપાલિકાએ કરેલ છે. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૫–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી (૧) સુરત મહાનગરપાલિકા સ્વાયત સંસ્થા છે પરંતુ તેમાં રાજય સરકારના નિતી નિયમોનો અમલ થતો હોય તેવું નિરીક્ષણમાં છે.(૨) રાજય સરકારના મેડીકલ સર્વીસ ૨૦૦૪ ના જીઆરનું રાજય સરકારમાં અમલીકરણ થયા બાદ પણ આ બાબતે અમલીકરણ થયુ જણાતું નથી. (૩) સુરત મહાનગરપાલિકા બધા જ નિયમોનો અનુસરતી હોય તો આ શા માટે નહી?(૪) જુના નિયમો બદલવામાં આટલા દિવસો શા માટે? (૫) જાહેર માહિતી અધિકારીનો જવાબ અને રાજ સરકારનો જીઆર સામેલ છે. જે જણાવી રજૂઆત કરેલ છે. જે અંગે જીસીએસઆર જનરલ કન્ડીશન ઓફ સર્વીસ ૨૦૦૨ નિયમ–૩૬ માં જણાવ્યા મુજબ રાજીનામાની નોટીસ અંગેની જોગવાઈઓ (૧) સરકારી કર્મચારી જેની સળંગ નોકરી ૧ વર્ષ કરતાં વધુ હોય તો ૧ માસની નોટીસ આપવાની રહે. ૨ હંગામી કર્મચારી કે જેની સળંગ નોકરી ૧ વર્ષ કરતાં ઓછી હોય તેવા કર્મચારીએ એક અઠવાડીયાની નોટીસ આપવાની રહે છે. ૩ રાજીનામું કઈ તારીખથી અમલમાં આવે તેનો નિર્ણય સત્તા ધરાવતાં અધિકારી કરશે. તેમજ રાજીનામું સ્વીકારવાની આખરી સત્તા ધરાવતાં અધિકારીની રહેશે. ખાસ કારણોસર રાજીનામાંનો અસ્વીકાર થઈ શકે છે. અન્ય શરતો માટે જીસીએસઆર જનરલ કન્ડીશન ઓફ સર્વીસ ૨૦૦૨ નિયમ–૩૬ વં ચાણે લેવા આ તમામ શરતો બંધનકર્તા રહેશે. તેવી જોગવાઈઓ જણાવેલ છે. જે અંગે તા.૩૦–૯–૦૯ ના રોજ ૪.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહેલ નહીં. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ હાજર રહી એસ એસ.સીના રુલ્સ નં.૨૦૨ ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવેલ છે. અને હાલમાં

પણ અમલી છે અને તેના આધારે આ માહિતી આપવામાં આવેલ છે જેની નકલ અરજદારને પણ આપવામાં આવેલ છે. સરકારના નિયમો શા માટે અપનાવેલ નથી ભારત સરકારની કચેરી યાદી તા.૧–૭–૦૯ અનુસાર શા માટે? એવો પ્રશ્નનો જવાબ માહિતીની વ્યાખ્યામાં થતો નથી તેથી તે આપવાનો રહેતો નથી અને તેની નકલ રજૂ કરેલ છે તેવી રજૂઆત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હાલમાં પ્રવર્તમાન જોગવાઈઓની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. સરકારના નિયમો શા માટે અપનાવેલ નથી તે બાબતે સુરત મહાનગરપાલિકા સ્થાનિક સ્વરાજયની સંસ્થા હોઈ તથા તેના અલગ નિયમ અમલી હોવાની માહિતી આપેલ છે જ. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

*ડે.કમિશ્નર(જનરલ.)*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ,***

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે
(૨)શ્રી કે એમ. શેખ,